| GJBK190001242026 | દાખલ તારીખઃ | ૨૮/૦૨/૨૦૨૬ | | |
|---|---|---|---|---|
| | રજીસ્ટર્ડ તારીખઃ | ૨૮/૦૨/૨૦૨૬ | | |
| | ફેંસલ તારીખઃ | ૨૭/૦૩/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૦ | ૨૯ |

**બનાસકાંઠા જીલ્લાના પાંચમા એડીશનલ સેશન્સ જજ શ્રી આર.ડી.પાંડે સાહેબની કોર્ટમાં, મુકામ–દિયોદર**

**ફોજદારી પરચુરણ અરજ નંબર–૬૮/૨૦૨૬**

**આંક–**

**અરજદારઃ–** (૧) **ગમનભાઈ ઉર્ફે ગણપતભાઈ મેવાજી ઠાકોર (મોજરૂવા),**
ઉ.વ.આ. ૨૭, ધંધો. ખેત મજુરી,
રહે. ચીત્રોડા સીમ, તા. લાખણી, જી. વાવ–થરાદ
(હાલ રહે. સબ જેલ/જીલ્લા જેલ પાલનપુર)

–: **<u>વિરુધ્ધ</u>** :–

**સામાવાળા:–** શ્રી સરકાર

**<u>ગુનોઃ–</u>** આગથળા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૬૦૦૧૨૫૦૪૭૬/૨૦૨૫, બી.એન.એસ. એકટની કલમ–૩૩૧(૪), ૩૦૫, ૫૪ મુજબ.

**<u>અરજઃ–</u>** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી.

અરજદાર તરફે વિ. વ.શ્રી સી.બી.ઠાકોર
સામાવાળા તરફે વિ. એ.પી.પી.શ્રી ડી.વી.ઠાકોર

–: **<u>ચૂકાદો</u>** :–

(૧) હાલની અરજી આરોપી/અરજદાર દ્વારા બી.એન.એસ. એકટની કલમ–૩૩૧(૪), ૩૦૫, ૫૪ આગથળા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૬૦૦૧૨૫૦૪૭૬/૨૦૨૫ ના કામે અરજદાર ને તા. ૧૪/૧૦/૨૦૨૫ ના રોજ અટક કરેલા અને તા. ૧૫/૧૦/૨૦૨૫ ના રોજ લાખણીના જયુ. મેજી.ફ.ક. સમક્ષ રજુ કરતાં નામ. કોર્ટે અરજદારને જયુ. કસ્ટડી માં મોકલી આપેલા અને અમો અરજદારની રેગ્યુલર જામીન અરજી નંબર–૧૯/૨૦૨૬ ની તા. ૨૧/૦૨/૨૦૨૬ ના રોજ નામંજુર

કરેલ ત્યારથી આરોપી જ્યુડીશીયલ કસ્ટડીમાં હોય બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ અન્વયે ચાર્જશીટ થયા બાદ રેગ્યુલર જામીન મેળવવા માટે કરવામાં આવેલ છે.

(૨) આરોપી/અરજદારની જામીન અરજીની ટુંકમાં વિગત એવી છે કે, કહેવાતા ગુના અંગે અમો અરજદાર કશું જાણતા નથી. અમો નિર્દોષ છીએ તેમ છતાં અમોને ખોટી રીતે સદર ગુનામાં સંડોવી દીધેલ છે. અમો અરજદારો ગુના વિશે અજાણ છીએ. આ કામે અમો ગુના વિશે કોઈ હકીકત જાણતા નથી. સદર મુદ્દામાલ વિશે અમો કોઈ જાણતા નથી. સદર ગુનામાં અમો અરજદારને ખોટી રીતે સંડોવવામાં આવેલ છે. અમો અરજદાર ઉપરોકત બતાવેલ ઠેકાણે કાયમી રહેવાસી છીએ અને અમો બાળ બચ્ચા વાળા ઈસમ છીએ અને અમારા કુટુંબનો ભરણ પોષણનો આધાર અમારા ઉપર છે અને અમો મજુરી કરીએ છીએ અને ઉપરોકત બતાવેલ સરનામે અમારી સ્થાવર અને જંગમ મિલ્કત આવેલ જેથી અમો કયાંય નાશી ભાગી જઈએ તેવા ઈસમ નથી. અમો આરોપીને વધુ સમય સુધી જેલમાં રહેવું પડે તો અમો અરજદાર મજુરી કરી અમારા પરિવારનું ભરણપોષણ કરતા હોઈ તો અમારા કુટુંબના ભરણપોષણનો વિકટ પ્રશ્ન ઉભો થાય તેમ હોઈ અમોને જામીન ઉપર મુકત કરવાની આપ નામ. કોર્ટને વિશાળ સત્તા હોઇ અમોને જામીન ઉપર મુકત કરવા અરજ છે. અમો આરોપી નામ. કોર્ટ જામીન ઉપર મુકત કરે તો અમો આરોપી નામ. કોર્ટ ફરમાવે તેવી અને તમામ શરતોનું પાલન કરવા બંધાયેલ છીએ તેમજ નામ. કોર્ટ ફરમાવે તેવા અને તેટલી રકમના જામીન આપવા અમો ખુશી છીએ. અમો અરજદાર તપાસમાં પુરતો સહકાર આપીશું. ટ્રાયલ દરમ્યાન દર મુદતે નિયમીત હાજર રહીશું. અમો આરોપી ફરીથી આવા ગુનામાં સંડોવાઈએ તેવા ઈસમ નથી તેમજ જો અમોને જામીન ઉપર મુકત કરવામાં ના આવે તો અમારો રોજગાર ધંધો અમો સાચવણી કરી શકીએ તેમ નથી જેથી અમોને ઘણું નુકશાન થાય તેમ છે અને અમારા કુટુંબનો ભરણપોષણનો વિકટ પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે. આપ નામ. કોર્ટને અમો આરોપીને જામીન ઉપર મુકત કરવાની વિશાળ અને

વિવેકાધીન સત્તાઓ છે. જેથી અરજદારને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે સામાવાળાને નોટીસ કરતાં શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.વી.ઠાકોર હાજર થયેલ છે અને આંક–૦૭ થી તપાસ કરનાર અમલદારશ્રી નું સોગંદનામું રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે, આ કામના આરોપી ચોરીઓ કરવાની ટેવવાળો છે તેના વિરૂધ્ધમાં અગાઉ પણ કુલ પાંચ ગુનાઓ નોંધાયેલ છે. હાલનો આરોપી મિલ્કત વિરૂધ્ધના ગુનાઓ કરવાની માનસિકતા ધરાવતો હોઇ તેને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીથી ઘરફોડ ચોરીઓ કરવાની પુરેપુરી શકયતાઓ રહેલી છે તેમજ આરોપીને જામીન મળ્યેથી કાયદાનો કોઇ ડર રહેશે અની જેના કારણે અન્ય કોગ્નીઝેબલ ગુના આચરે તેવી પુરેપુરી શકયતા હોય જેથી સમાજમાં દાખલો બેસાડવા માટે હાલના આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે ફરીયાદની વિગત ધ્યાને લેવામાં આવે તો, ગઇ તા. ૧૦/૧૦/૨૦૨૫ ના રાત્રીના આઠેક વાગ્યાથી તા. ૧૧/૧૦/૨૦૨૫ ના પાંચેક વાગ્યા દરમ્યાન શેરગઢ ગામે આવેલ મકવાણા રબારી સમાજના ગોગા મહારાજના મંદિરની દાનપેટીમાંથી અંદાજે રૂા. ૮૦૦/– ની તથા જોગમાયાના મંદિરનું લોક તોડી દાનપેટીમાંથી અંદાજે રોકડ રકમ રૂા. ૧૦૦૦/– તથા ઠાકોર સમાજના હડકાઇ માતાજીના મંદિરનું લોક તોડી દાન પેટીમાંથી અંદાજે રોકડ રકમ રૂા. ૧૦૦૦/– તથા મફાભાઇ મેવાભાઇ રબારીની દૂકાનના કાઉન્ટમાંથી રૂા. ૩૦/– તથા માવજીભાઇ ધુડાભાઇ રબારીના રહેણાંકનું લોક તોડી કોઇ અજાણ્યા ચોર ઇસમોએ ફરીયાદી તથા સાહેદોના મંદિર દૂકાન તથા ઘરમાંથી કુલ રૂા. ૫૮૦૦/– ની માલમત્તાની ચોરી કરી લઇ જઇ ગુનો કરતાં હાલની આ ફરીયાદ દાખલ થયેલ છે.

(૫) આ કામે અરજદાર તરફે વિ.વ.શ્રી સી.બી.ઠાકોર નાએ દલીલ કરેલ છે કે, હાલનો ગુનો આગથળા પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. ની કલમ મુજબ બનેલ છે. આરોપી તા. ૧૫/૧૦/૨૦૨૫ થી જયુ. કસ્ટડીમાં છે. અજાણ્યા ઈસમ વિરૂધ્ધ અલગ અલગ ચોરી કરી નાશી ગયેલાનો ગુનો નોંધાયેલ છે જેથી આરોપીનું નામ એફ.આઇ.આર. માં નથી. એક દિવસ મોડી ફરીયાદ દાખલ થયેલ છે. આરોપી લાખણી તાલુકાના રહેવાસી છે. ઘણા બધા સાક્ષીઓ તપાસાઇ ગયેલ છે તે તમામ હકીકતે આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૬) સામાવાળા શ્રી સરકાર તરફે એ.જી.પી. શ્રી ડી.વી.ઠાકોર ની દલીલ છે કે, હાલના આરોપી વિરૂધ્ધ અન્ય પાંચ ગુનાઓ નોંધાયેલ છે જેમાં અમુક ચોરીના અને અમુક પ્રોહીના ગુના છે. ટ્રાયલ કોર્ટ સમક્ષ કેસ પુર્ણ થવા આવેલ છે. દાનપેટીમાંથી રકમની ચોરી આરોપીએ કરેલ છે. ચોરીની રકમ રૂા. ૫૮૦૦/– ની છે જે તમામ હકીકતે આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૭) બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેવામાં આવેલ છે. આ કામે ધ્યાને લઇએ તો આરોપીએ ગોગા મહારાજના મંદિરની દાનપેટીમાંથી ચોરી કરેલ હોવાનો આક્ષેપ છે અને તે જ રીતે હડકાઇ માતાના મંદિરમાં ચોરી કરેલ છે અને તે જ રીતે એક દૂકાનનું લોક તોડેલ છે અને રૂા. ૩૦૦૦/– ની ચોરી કરેલ છે અને રહેણાંકના ઘરના લોકો તોડેલ છે અને ત્યાંથી પણ ચોરી કરેલ છે અને કુલ રકમ તમામ જગ્યાએથી મળીને રૂા. ૫૮૦૦/– ની ચોરી કરેલ હોવાનો આક્ષેપ કરેલ છે. આ કામે ચાર્જશીટ દાખલ થઇ ગયેલ છે. જેથી આરોપી તપાસને અસર પહોંચાડી શકે તેમ નથી. કુલ ચોરીની રકમ માત્ર રૂા. ૫૮૦૦/– ની છે જે ધ્યાને લેવામાં આવેલ છે. વધુમાં, આરોપી વિરૂધ્ધ અન્ય ગુનાઓ નોંધાયેલ છે પરંતુ, સદરહું ગુનામાંથી અમુક ગુના ચોરીના અને અમુક ગુના પ્રોહીના છે તથા સદરહું ગુના કયા સ્ટેજ ઉપર છે અને આરોપીને તેમાં તકસીરવાન ઠરાવવામાં આવેલ છે કે કેમ તે બાબતે પ્રોસીકયુશન તરફે કોઇ રજુઆત કરવામાં

આવેલ નથી. જે.એમ.એફ.સી. ટ્રાયેબલ ગુનો છે જેથી ગુનાની ગંભીરતા અને કેસનો પ્રકાર જેવી તમામ હકીકતો ધ્યાને લઇ આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચીત જણાતા હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– // હુકમ // –**

**(૧)** અરજદાર / આરોપી **(૧) ગમનભાઈ ઉર્ફે ગણપતભાઈ મેવાજી ઠાકોર (મોજરૂવા)** ની હાલની આ રેગ્યુલર જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

**(૨)** આરોપી/અરજદાર **(૧) ગમનભાઈ ઉર્ફે ગણપતભાઈ મેવાજી ઠાકોર (મોજરૂવા),** ઉ.વ.આ. ૨૭, ધંધો. ખેત મજુરી, રહે. ચીત્રોડા સીમ, તા. લાખણી, જી. વાવ–થરાદ ના ઓને આગથળા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૯૯૬૦૦૧૨૫૦૪૭૬/૨૦૨૫, બી.એન.એસ. એકટની કલમ–૩૩૧(૪), ૩૦૫, ૫૪ ના ગુનાના કામે અરજદારે રૂા. ૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત–મુચરકો આપ્યેથી નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ–**

(૧) અરજદાર / આરોપીએ કેસની ટ્રાયલ ચાલતાં સુધી ભારત દેશની હદ છોડવી નહી.

(૨) અરજદાર / આરોપીએ ફરીયાદ પક્ષના સાહેદોને ધાકધમકી આપવી નહી, સાક્ષીઓને ફોડવાના પ્રયત્નો કરવા નહી કે ફરીયાદ પક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી.

(૩) અરજદાર / આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તાત્કાલીક નીચેની કોર્ટમાં રજુ કરવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું નીચેની કોર્ટમાં રજુ કરવું.

(૪) અરજદાર / આરોપીએ અન્ય કોઇપણ પ્રકારની ગુનાહીત પ્રવૃત્તિ કરવી નહી કે પોતાની જાતને કોઇપણ ગુનાહીત પ્રવૃત્તિ સાથે સાંકળવી નહી.

(૫) અરજદાર / આરોપીના રહેણાંકનું કાયમી સરનામું ફોન નંબર સહિત તેમના જામીનદારે નીચેની કોર્ટમાં જાહેર કરવું.

(૬) અરજદાર / આરોપીએ જામીન મુક્તિની સ્વતંત્રતાનો કોઈપણ રીતે દુરઉપયોગ કરવો નહી, કોઇ ગેરલાભ ઉઠાવવો નહી કે ફરીયાદ પક્ષના કેસને પ્રતિકુળ અસર થાય તેવું કોઇ કૃત્ય કરવું નહી.

(૭) અરજદાર / આરોપીએ કેસની ટ્રાયલ દરમ્યાન અદાલત સમક્ષ નિયમીત રીતે હાજર રહેવું.

(૮) ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થશે તો, અરજદાર / આરોપીની જામીન મુક્તિનો હુકમ આપોઆપ રદ થયેલો ગણાશે.

અરજદાર / આરોપીએ જામીન નીચેની કોર્ટમાં આપવા.

હુકમ લગત, સંબંધીત કોર્ટને તથા સંબંધીત પોલીસ સ્ટેશનને જરૂરી યાદી કરવી.

આ હુકમ આજ તા. **૨૭ મી,** માહે**–માર્ચ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. દિયોદર
તા. ૨૭/૦૩/૨૦૨૬

**(રંજન ધ્રુવકુમાર પાન્ડેય)**
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ,
બનાસકાંઠા – દિયોદર
કોડ નંબર–જી.જે.૦૦૮૧૩